# Sona Vatakdi Re Kesar Ghodya Valamiya

સોના વાટકડી રે કેસર ઘોળ્યાં વાલમિયા,
લીલો છે રંગનો છોડ રંગમાં રોળ્યાં વાલમિયા।

પગ પરમાણે રે કડલાં સોઈ વાલમિયા,
કાંબિયુંની બબ્બે તારે જોડ્ય, રંગમાં રોળ્યાં વાલમિયા।

કેડ પરમાણે રે ઘાઘરો સોઈ વાલમિયા,
ઓઢણીની બબ્બે તારે જોડ્ય, રંગમાં રોળ્યાં વાલમિયા।

હાથ પરમાણે રે ચૂડલા સોઈ વાલમિયા,
ગૂજરીની બબ્બે તારે જોડ્ય, રંગમાં રોળ્યા વાલમિયા।

ડોક પરમાણે રે ઝરમર સોઈ વાલમિયા,
તુલસીની બબ્બે તારે જોડ્ય, રંગમાં રોળ્યા વાલમિયા।

કાન પરમાણે રે ઠોળિયાં સોઈ વાલમિયા,
વેળિયાંની બબ્બે તારે જોડ્ય રંગમાં રોળ્યાં વાલમિયા।

નાક પરમાણે રે નથડી સોઈ વાલમિયા
ટિલડીની બબ્બે તારે જોડ્ય રંગમાં રોળ્યાં વાલમિયા।

GujaratiLyrics.com